(Reg.No. E-21109)

# શ્રી વર્ધમાન પરિવાર

રજીસ્ટર્ડ ઓફિસ : પ્રભાવતીબેન છગનભાઈ સરકાર સંસ્કૃતિ ભવન
અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, 6, ધન મેન્શન, ઓપેરા હાઉસ, મુંબઈ-400 004. ફોન : 022-23887637, 2389 5857

:: દિવ્ય આશિષ ::
પ.પૂ.પંન્યાસ પ્રવર
**શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.**

:: દિવ્ય કૃપા ::
પ.પૂ.તપાગચ્છ ગચ્છાધિપતિ આ.ભ.
**શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

:: દિવ્ય દૃષ્ટિ ::
પ.પૂ.આચાર્ય ભગવંત
**શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજા**

:: આશીર્વાદ દાતા ::
પ.પૂ.ગચ્છાધિપતિ આ.**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

## જલરક્ષા

નદી કિનારે પુષ્કળ ચરિયાણ મળતાં પશુઓને ભરપૂર ખોરાક મળે છે.



**ધર્મ પુરુષાર્થ**



## વનરક્ષા

વરસાદ અને પવનથી થતું જમીનનું ધોવાણ ગીચ જંગલો અટકાવી દે છે.

**અર્થ પુરુષાર્થ**

આ વર્તુળ જો સદા બરાબર ફરતું રહે તો...
ધર્મ, સંસ્કૃતિ, સમાજ-વ્યવસ્થા સુરક્ષિત બની જાય છે.
તમામ માનવો અને પ્રાણી શાંતિથી જીવી શકે.

**કામ પુરુષાર્થ**

## ભૂરક્ષા

જમીનનું ધોવાણ અટકતાં નદીઓ માટીથી પુરાતી અટકે છે જેથી તે બારે-માસ વહેતી રહે છે.



**મોક્ષ પુરુષાર્થ**



## પશુરક્ષા

પશુનાં છાણાનું બળતણ મળતાં જંગલો કપાતાં અટકી જાય.

Email : vardhmanparivar@yahoo.com • vardhmanparivarborivali@gmail.com
Website : www.shreevardhmanparivar.com

# જીવરક્ષા અભિયાન કાજે નમ્ર નિવેદન

પરમાત્મા ઋષભદેવ દ્વારા સર્વવિરતી ધર્મ અંગીકાર કર્યા પહેલા ૮૩ લાખ પૂર્વ સુધી જે વ્યવસ્થાના મૂળ ઊંડે ઊંડે સુધી ઊતર્યા તે સ્ત્રીઓની ૬૪ કળા પુરૂષોની ૭૨ કળાને પુર્નજીવીત કરવાનો પ્રયાસ.

**પશુરક્ષા :** ભારતભરમાં ગેરકાયદેસર હેરાફેરી થતાં પશુધનને બચાવવા Legal Temaમાં ચાર-ચાર વકીલો કાયમી ધોરણે રાખીને કોર્ટોમાં કેસો કરી પશુની Custody મેળવી પાંજરાપોળમાં પશુધનને મુકી તેની વ્યવસ્થામાં આર્થિક સહયોગ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. Advocate રાજુભાઈ ગુપ્તાની આગેવાનીમાં બકરી ઈદના સમયે બિહાર-રાજસ્થાન-મહારાષ્ટ્રમાં રેડ પાડી ઘણું પશુધન બચાવાયું છે. કચ્છમાં છેલ્લા સાત વરસથી પશુપાલકો અને ખેડૂતની ગામડા સાથેની મૂળભૂત વ્યવસ્થા ઊભી રહે તે કાર્ય ચાલી રહ્યું છે. કપરા સમયમાં તે પશુપાલકોને ચારો પહોંચાડી તેમના પશુઓને કોઈ સંજોગોમાં પાંજરાપોળમાં મુકે નહીં કે રસ્તે રઝળતા ન કરી દે.

**વનરક્ષા :** ગામડાઓની અંદર વૃક્ષો ઉગાડવા માટે યોગ્ય પ્રેરણા માર્ગદર્શન તેમ જ આર્થિક સહયોગ આપવાનું ચાલુ રહ્યું છે. પાંચોટીયા ગામમાં ૧૦૦૦ વૃક્ષોનું કાર્ય થયું- કરોડીયા ગામમાં કાર્ય ચાલી રહ્યું છે.

**ભૂરક્ષા :** આ વિશ્વમાં જ્યારથી યાંત્રિકરણ બેફામ બન્યું છે ત્યારથી માનવી બેકાર બન્યો છે. બેકારી સાથે વ્યસની બન્યો. બેકારી-બીમારી- મોંઘવારી અને ભુખમરો તે યાંત્રિકરણની ઉપજ છે. માનવીને કાર્ય મળે અને તેમની કળા જીવતી રહે તે ઉદ્દેશથી માનવ પાસેથી જ તળાવો ઊંડાં કરાવવાના તથા ગોચરુ ભૂમિને વિકસાવવાના કાર્યો હાલ કચ્છમાં અને રાજસ્થાનમાં ચાલી રહ્યા છે.

**જળરક્ષા :** હાલનો વિશ્વ આખાનો ગંભીર પ્રશ્ન જળ રક્ષાનો છે. એમ લાગે છે પાણીની અછત વધતી જાય છે તે આવતા સમયે મોટા યુદ્ધ પાણી માટે થશે. આવા સમયે રાજકોટના મનસુખભાઈ સુહવાગીયાના માર્ગદર્શનથી કચ્છના ગામેગામ ચેક ડેમોના કાર્ય થયા છે ને નવા કાર્યો ચાલી રહ્યા છે તેમ જ તળાવો ઊંડાં કરવાના ચાલી રહ્યા છે તેમ જ વરસાદી પાણીનો સંગ્રહ માટે ટાંકા કરવામાં આવી રહ્યો છે.

**ધર્મપુરુષાર્થ :** પરમાત્મ ભક્તિ - અઢાર અભિષેક માટે ઉત્તમ ઔષધી વાલવોડ તીર્થમાં ઔષધી વન વિકસીત કરવામાં આવેલ છે અને આવી ઔષધીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

**ગુરુભક્તિ :** આચાર્ય ભગવંતોના માર્ગદર્શનથી શાસન રક્ષાના કાર્ય કરી રહ્યા છીએ. ગુરુ ભગવંતોને આખા વરસમાં આયુર્વેદિક દવાઓ પહોંચાડી રહ્યા છીએ.

**સંઘ સેવા :** પર્યુષણ પર્વમાં નાના ગામડાંઓમાં જ્યાં ગુરુ ભગવંતોની પ્રાપ્તિ થઈ ન હોય તેવા ગામોમાં યુવાનો દ્વારા આરાધના કરાવાઈ રહી છે.


**બાળસંસ્કરણ :** બાળકોની શિબિરોનું આયોજન કરવામાં આવે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રના શુદ્ધ ઉપકરણોનું વેચાણ કરવામાં આવે છે.

**ઉકાળેલા પાણી :** ગિરિરાજ પર આણંદજી કલ્યાણજી પેઢીની સાથે રહી છેલ્લાં ૧૬ વરસથી ૮ મહિના માટે ઉકાળેલા પાણીની વ્યવસ્થા સંભાળવાનું ચાલી રહ્યું છે.

**ચોવિહાર હાઉસ :** છેલ્લાં ૨૫ વરસથી પાયધુની ખાતે ચોવિહાર હાઉસ ચાલી રહ્યું છે.

# સુપ્રિમ કોર્ટમાં જીવદયા પ્રેમીઓનો જ્વલંત વિજય





*બાંગલાદેશમાં લઈ જતા પશુઓ પર થતો અત્યાચાર. પશુઓની આંખમાં લીલું/લાલ મરચું અને તેમનું વજન વધારવા કોપર સલ્ફેટ (મોરથુથુ) પીવડાવવામાં આવે છે.*

દેવ ગુરુ ધર્મની પરમકૃપાથી શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટ 'પ્લન્ડર ઓફ ઇન્ડિયા'ના આધારે ભારતની બૉર્ડર પરથી બાંગલાદેશમાં કતલ માટે દાણચોરી દ્વારા જતા આશરે ૧ કરોડ પશુઓને અટકાવવા સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌ-સેવા સંઘ દ્વારા સુપ્રિમ કોર્ટમાં તા.૨૪-૪-૨૦૧૫ના દાખર કરેલ રીટ-પિટિશન નં.૨૧૦/૨૦૧૫નો સ્વીકાર કરી માત્ર ૯૦ દિવસમાં જ તા.૧૩-૭-૨૦૧૫ના આપેલ સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં જણાવ્યું છે કે, 'બોર્ડર સિક્યોરિટી ફોર્સ દ્વારા આ પશુઓની થતી ગેરકાયદેસર દાણચોરી સંપૂર્ણ બંધ કરવામાં આવે.'

બોર્ડરના પ્રત્યેક રાજ્યોને આ બાબતમાં કડક પગલાં લઈને એક પણ પશુની દાણચોરી (Smuggling) ન થાય. દેશની પ્રત્યેક બોર્ડરને બંદ (Seal) કરવામાં આવે. રાજ્યોમાં એનિમલ વેલ્ફેર બૉર્ડને કાર્યરત કરવા કહ્યું હતું.

PCAના કાયદાનો કડકરીતે અમલ થવો જોઈએ. બોર્ડર પર પકડાયેલ પશુની હરાજી ન થવી જોઈએ. પરંતુ ગૌશાળા-પાંજરાપોળને આપવા આદેશ કરેલ છે. એક પણ પશુ બિન-ઉપયોગી નથી. પશુના છાણ-મૂત્રમાંથી દવા-પંચગવ્ય બનાવવા જોઈએ. વાર્ષિક લગભગ ૧ કરોડ પશુઓની ભારતથી બાંગલાદેશમાં થતી દાણચોરી રોકવા શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટના આધારે ૯૦ દિવસમાં જ સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદાથી જૈનશાસનમાં અભયદાન અવસર પ્રાપ્ત થયો.

## દેશની બહાર જતા પશુઓને રોકવાનો રોડમેપ



*ટ્રાન્સપોર્ટેશનના કાયદાના સુધારા માટે કેન્દ્રિય મંત્રી શ્રી નિતીન ગડકરીને રજૂઆત.*

સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ હોમ મિનિસ્ટ્રી દ્વારા નિમાયેલી સમિતિ દ્વારા દેશની બહાર જતા પશુધનને રોકવા માટે રોડમેપની તૈયારી અને તે સમિતિમાં શ્રી વર્ધમાન પરિવાર અને સખી સંસ્થા દ્વારા મહત્ત્વનું યોગદાન.

## બોર્ડર મેનેજમેન્ટ (HIGH POWER) કમિટીની રચના કરવામાં આવી



શ્રી વર્ધમાન પરિવારે બોર્ડર પર થતી પશુઓની દાણચોરીનો રિસર્ચ રિપોર્ટ પૂર્વ ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહને મુંબઈના વિધાનસભ્ય શ્રી મંગલપ્રભાત લોઢા દ્વારા આપવામાં આવ્યો.

સર્વોચ્ચ અદાલત દ્વારા હોમ અફેર્સ મિનિસ્ટ્રીના વડપણ હેઠળ વિદેશમાં કતલ માટે થતી પશુઓની દાણચોરી અટકાવવા માટે બોર્ડર મેનેજમેન્ટની (HIGH POWER) કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં અમારી સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ આ કમિટીના મેમ્બર તરીકે મહત્ત્વનો રોલ અદા કરી રહેલ છે.

## બકરી ઈદમાં હંગામી કતલખાનાં ખોલવા માટે વડી અદાલતની મનાઈ



અગાઉ બોમ્બે હાઈકોર્ટમાં બળદની કતલ સામે અપાયેલા તા.૨૯-૮-૨૦૧૪ના આદેશને રિવ્યુ કરવાની રાજ્ય સરકાર અને પાલિકાની બે વખતની સુનાવણીને નિષ્ફળતા મળી હતી. જ્યારે અન્ય એક કેસમાં હંગામી કતલખાનાં ખોલવાની માંગણીની અરજી હાઈકોર્ટે નામંજૂર કરી હતી. બકરી ઈદમાં હંગામી કતલખાના ખોલવાની એક અરજી ન્યાયમૂર્તિ મહેતા અને અન્ય ન્યાયમૂર્તિ સૈયદની બેન્ચ સમક્ષ સુનાવણી કરવામાં આવી હતી. અરજીકર્તાએ બકરી ઈદમાં ત્રણ દિવસ સુધી હંગામી કતલખાના ખોલવા માટે દાદ માંગવામાં આવી હતી.

જેની સામે અખિલ ભારત કૃષિ ગૌ-સેવા સંઘ, અખિલ ભારત ગૌસંવર્ધન પરિષદના વકિલોએ દલીલો કરી હરી અને રિબેરો કમિટીના રિપોર્ટ પ્રમાણે હંગામી કતલખાના નહીં ખોલવા તેવું નક્કી કરવામાં આવ્યું છે તે બાબત કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરાઈ હતી. તેમજ શ્રી વર્ધમાન પરિવારના સભ્ય દ્વારા આર.ટી.આઈ. અને સુપ્રિમ કોર્ટના જજમેન્ટ અને તારણો રજૂ કરાતાં વડી અદાલતે આ અરજી ફગાવતા જાહેરમાં ગંદકી અને માંસ-લોહી સહિતનો કચરો અને ગંદકીના અને આરોગ્યનાં પ્રશ્ને ગંભીર નોંધ લઈ હંગામી કતલખાના ખોલવાની મનાઈ ફરમાવી હતી.

તા.૨૧-૯-૨૦૧૫ના ભારતીય ગૌવંશ રક્ષણ સંવર્ધન પરિષદ તેમજ અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘ દ્વારા (બકરી ઈદના કેસમાં જીવદયા પ્રેમી સંસ્થાના એડ્વોકેટ શ્રી પ્રફુલભાઈ શાહ, શ્રી સતીશ માનશિંદે અને શ્રી ઓમ પ્રકાશ ઝાએ દેવનાર કતલખાના સિવાય બહાર કોઈ કતલ થઈ શકે નહિ એવી દલીલો કરી વિરોધ કર્યો હતો અને ખુદ રાજ્ય સરકારના એટર્ની જનરલ અને મનપાના વકીલે પણ જણાવ્યું હતું કે દેવનારમાં વ્યવસ્થા આપીએ છીએ તેથી ગલીઓ કે મહોલાઓમાં કતલ કરવાની વ્યવસ્થાની જવાબદારી અમે વહન ન કરી શકીએ.

વર્ષ ૨૦૧૯માં બકરી ઈદના સમયે દેવનાર સિવાય બિલ્ડીંગોમાં અને પ્રાઈવેટ ફ્લેટ્સમાં કતલ કરવા માટે ૭૦૦૦થી વધારે લાઈસન્સ ઈશ્યૂ કરી દેવામાં આવ્યા જતા. તેવા સમયે જીવમૈત્રી ટ્રસ્ટના નામે વડી અદાલતમાં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં મુંબઈની વડી અદાલતે દેવનાર અને અધિકૃત જગ્યા સિવાય ક્યાંય પણ જાહેરમાં આ કુરબાની નહીં થઈ શકે તે માટે આદેશ કરવામાં આવ્યો હતો. જે કેસની સંપૂર્ણ તૈયારી, તેનું ડોક્યુમેન્ટેશન અને કાયદાકીય સપોર્ટ શ્રી વર્ધમાન પરિવાર દ્વારા કરવામાં આવેલ હતો. ગતવર્ષે લગભગ ૪.૫૦ લાખ બકરાઓની કતલ થઈ હતી. પરંતુ આ વર્ષે આપણા ઉપરોક્ત કેસના સંદર્ભમાં આરટીઓ અને પોલીસ ડિપાર્ટમેન્ટને પણ કોર્ટે એકશન લેવાની તકેદારી કરતા આ આંકડો ૨.૫૫ લાખ સુધી સિમિત રહ્યો હતિ. અગાઉ પણ બકરી ઈદના સમયે વધારાના ૧૨૦૦૦ બળદોને કતલ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં લવાતા હતા તેને હાઈ કોર્ટના આદેશ દ્વારા પરવાનગી રદ્દ કરાવવામાં આવી હતી જેના કારણે છેલ્લા ૪ વર્ષથી હજારો બળદોને જીવતદાન પ્રાપ્ત થયું છે.

વર્ષ ૨૦૨૧ના બકરી ઈદમાં ૩૮ નવા કતલખાના માટે ભીવંડીમાં મ્યુનિસિપાલટીએ પરવાનગી આપેલ તેને હાઈકોર્ટમાં ચેલેન્જ કરી તેના પર સ્ટે મેળવવામાં આવેલ તેમ જ ૮૦૦ ભેંસો (થાણા જિલ્લાના) મુંબ્રા ગામે બકરી ઈદમાં કતલ માટે લાવવામાં આવેલ તેને પણ મુંબઈ હાઈકોર્ટમાં અરજી કરી અટકાવી દેવામાં આવેલ.

વર્ષ ૨૦૨૨, બકરી ઈદમાં મુંબઈ હાઈકોર્ટમાં ત્રણ કેસ દાખલ કરેલ. ૧) ભિવંડી, ૨) માલેગાવ, ૩) મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટેશન કાયદાનું કડક પાલન કરવા બાબત સીનીયર એડવોકેટ અનીલભાઈ અંતુલેકરે સુંદર લડત આપી ત્રણે કેસમાં જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો જેના કારણે લાખો મોટા જીવોની મહારાષ્ટ્રમાં કતલ અટકી ગઈ.





# ખેડૂત સંમેલન

કેમિકલ ફર્ટિલાઈઝર્સ અને પેસ્ટીસાઈડ્સના ઉપયોગને કારણે અનાજ, ફળ-ફૂલ, શાકભાજી વગેરે દૂષિત થયા છે. તે અંગે જાગૃતિ લાવવા જુદા જુદા તાલુકાઓમાં સંમેલન કરીને વિશિષ્ટ વક્તાઓને બોલાવીને રસાયણિક ખાતરના મહાભયંકર નુકાસનોને સમજાવીને રોગ અને દવાના દોઝખમાંથી દૂર કરવા માટે અને ટ્રેક્ટરોને બદલે પશુપાલનની મહત્તા સમજાવીને પશુ આધારિત અલ્પહિંસક અર્થતંત્રની પુનઃપ્રતિષ્ઠાની સ્થાપના.

ગુજરાત રાજ્ય ઉંઝા ગામે ૨૭ જાન્યુઆરી ૨૦૧૩ અને વિજાપુર ગામે ૩ ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે ખેડૂત સંમેલન કરવામા આવ્યા હતા. આવા ૨૦૧૮માં ખેડૂત સમેલન વલસાડમાં પણ કરવામાં આવ્યા.







## શ્રી વર્ધમાન પરિવાર કિસાન આર્થિક સ્વાવલંબી વ્યવસ્થા

## ।। योजकस्तत्र दुर्लभः ।।

૨૦૧૯માં કચ્છ અબડાસા તાલુકામાં રૂ.૧૬,૭૫,૦૦૦/-નું જુવાર, બાજરો, મગ, તલ અને ગુવારનું બીયારણ ૨૭,૧૦૦ કિલો અડધી કિંમતમાં ખેડૂતોને આપવામાં આવ્યું. આ બીયારણ દ્વારા લગભગ ૮૦૦૦ એકર જમીનમાં વાવણી થશે. જેમાંથી ઘાસચારો તૈયાર થયો. જેથી ગામડું અને ગૌવંશ બચાવવાનો પ્રયત્ન રૂપે આર્થિક વ્યવસ્થાના આગોતરા આયોજનનો પ્રયાસ કરેલ છે. ૨૦૨૦ માં ૫૦ લાખ રૂપિયાનો ઘાસચારો ઉગી ગયો હતો અને હવે તેમાં પ્રતિવર્ષ નવો ઘાસચારો મળતો રહેશે.




## મહારાષ્ટ્ર બીફ બૅન કેસ સુપ્રીમ કોર્ટમાં ચાલુ છે

વર્ષ ૨૦૧૭ મહારાષ્ટ્રના બીફ બૅનના કેસમાં વડી અદાલતના આદેશ પ્રમાણે બંધારણીય માન્યતા પ્રાપ્ત થઈ હતી જેનાથી હજારો બળદો અને વાછરડાઓને જીવતદાન મળ્યું હતું. તે કેસમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાનો લાભ મળ્યો હતો. પરંતુ તે આદેશમાં બે કલમો રદ કરાતા ફરીવાર આ કતલ ચાલુ ન થાય તે માટે હાલ સર્વોચ્ચ અદાલતમાં લગભગ ૬ જેટલા વકિલો રોકીને અલગ અલગ સંસ્થાઓના માધ્યમે તે આદેશને રદ કરાવતા સર્વોચ્ચ અદાલતમાં લડત જારી છે..

ગૌવંશની રક્ષા માટે ગોબર અને ગૌમૂત્રની ઉપયોગીતા વધે તે માટે ગૌમૂત્ર અર્ક. અલગ અલગ રોગો માટે અલગ અર્કો- જેમ કે નીમ અર્ક, વેઈટલોસ અર્ક, તુલસી- ઈલાયચી અર્ક, ગળો અર્ક વગેરે. દવાઓમાં તાવ, ડાયાબીટીસ, શરદી-કફ, વાતપિત્ત, લીવર વગેરે દવાઓ દ્વારા પશુ રક્ષાનું કાર્ય થાય અને આરોગ્ય રક્ષણ થાય.

## ગૌવંશ રક્ષણ, કુદરતી ખેતી-ઓછા ખર્ચે ખેરી











ગોબરમાંથી લાકડાઓ બનાવીને બળતણ તરીકે વાપરવામાં આવે તો જંગલ કપાતા બચી જાય અને પર્યાવરણની પણ રક્ષા.







૨૦૧૯માં કચ્છમાં ગતવર્ષે આવેલા દુષ્કાળ દરમ્યાન અગાઉથી જ કચ્છની ધરતીની નાડ પારખીને અમારા શ્રી દેવચંદબાપા અને શ્રી જીતુભાઈ દ્વારા સખત મહેનત કરીને ૨૬ કરોડથી વધારે રૂપિયાનું અનુદાન કરવા દ્વારા લાખો પશુઓને મોતના મુખમાંથી બચાવવામાં આવ્યા છે. દેવગુરુની કૃપાથી સકળ શ્રીસંઘનો સહકાર, ગુજરાત સરકારની સબસીડી ૧૩ કરોડની અને દાનવીરોની દાનની હેલીથી જ આ કાર્ય શક્ય બન્યું છે.

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (આરતી ગ્રુપ) તેમજ શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને શ્રી દીપકભાઈ ભેદા અને અન્ય ટ્રસ્ટીઓ દ્વારા રૂપિયા ૩.૫ કરોડની માતબર રકમની સહાય કચ્છ પશુ દુષ્કાળ રાહત અર્થે ફાળવી હતી.

શ્રી અમદાવાદ પાંજરાપોળ અને આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ લાલભાઈ તથા શ્રી અમદાવાદ પાંજરાપોળના અન્ય ટ્રસ્ટીઓ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં સાડા છ કરોડ રૂપિયાની માતબર રકમની સહાય. ૧) રૂપિયા બે કરોડનો એક ચેક રાજકોટ ખાતે પૂજ્ય યશોવિજયસૂરીશ્વર મ.સા.ની નિશ્રામાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી હસ્તે અમારી સંસ્થાને અર્પણ કરવામાં આવ્યા છે. ૨) વર્ષ ૨૦૧૬-૧૭માં રૂપિયા ૫૦ લાખ. ૩) તા.૨૩-૪-૨૦૧૬ના રોજ યોગી સભાગૃહમાં પણ ઉપરોક્ત દુષ્કાળ રાહતકાર્યમાં બે કરોડનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. કચ્છના ૨૨૪ થી વધારે ગામોના ૮૦ હજાર પશુઓને નિત્ય ૧૦ મહિના સુધી જુદા જુદા સમયે ચારા આદિની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

## છેલ્લા ૧૦ વર્ષથી ચાલી રહેલું દુષ્કાળ પશુરાહત કાર્યનું આર્થિક વિગત...

| વર્ષ | રાહકાર્યની રકમ |
|---|---|
| એપ્રિલ 2014–માર્ચ 2015 | રૂ.68,53,998 |
| એપ્રિલ 2015–માર્ચ 2016 | રૂ.4,22,88,821 |
| એપ્રિલ 2016–માર્ચ 2017 | રૂ.4,26,17,662 |
| એપ્રિલ 2017–માર્ચ 2018 | રૂ.36,98,380 |
| એપ્રિલ 2018–માર્ચ 2019 | રૂ.9,10,82,633 |
| એપ્રિલ 2019–માર્ચ 2020 | રૂ.11,78,94,693 |
| એપ્રિલ 2020–માર્ચ 2021 | રૂ.35,70,674 |
| એપ્રિલ 2021–માર્ચ 2022 | રૂ.53,62,358 |
| એપ્રિલ 2022–માર્ચ 2023 | રૂ.3,09,35,020 |
| એપ્રિલ 2023–માર્ચ 2024 | રૂ.2,52,33,451 |


|| નમો તિત્થસ્સ ||

सत्यमेव जयते

બહુમાન પત્ર

સ્નેહી ભાઈશ્રી કેસરીચંદજી મહેતા
પ્રમુખશ્રી,
શ્રી વર્ધમાન પરિવાર,
મુંબઈ.

શ્રી વર્ધમાન પરિવાર - મુંબઈ, જીવદયા માટે સતત કાર્યશીલ અને પ્રયત્નશીલ છે તે જાણી ખૂબ આનંદની લાગણી અનુભવું છું, શુભેચ્છા પાઠવું છું. આપના આવા કાર્યો અવિરત ચાલુ રહે તેવી શુભકામના.

ગુજરાત સરકાર સત્તા નહિ પરંતુ સેવાના ઉદ્દેશ સાથે કામ કરતી સરકાર છે. રાજ્યમાં વસતા પ્રત્યેક જીવ પ્રત્યે સંવેદના ધરાવી પ્રત્યેક જીવોને કોઈ મુશ્કેલી ન પડે, જીવનચક્ર ચાલુ રહે તેવી સુચારૂ વ્યવસ્થા રાજ્ય સરકારે ગોઠવી છે. આફતને અવસરમાં પલટાવી, સર્વેને સુખાકારી આપવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

શ્રી અમદાવાદ પાંજરાપોળ સંસ્થા દ્વારા શ્રી વર્ધમાન પરિવારને કચ્છના પશુધનને બચાવવા આજરોજ રૂા. ૨ કરોડના દાનનો ચેક આપતા હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. અગાઉ પણ શ્રી વર્ધમાન પરિવારે ગુજરાત સરકારની સબસીડીની સહાયથી હજારો પશુઓને બચાવવાનું જે ભગીરથ કાર્ય કર્યું છે તેની ગુજરાત સરકાર સરાહના કરે છે. ભવિષ્યમાં પણ અમારી સંસ્થા આવું કાર્ય કરતી રહે એજ અભ્યર્થના - શુભકામના.

આપનો
વિજય રૂપાણી
મુખ્ય મંત્રીશ્રી,
ગુજરાત.

તા. ૦૫-૧૨-૨૦૧૮, રાજકોટ.

# શ્રી વર્ધમાન પરિવાર અંતર્ગત શ્રી શત્રુંજય યુવક મંડળ દ્વારા ચાલી રહેલ પાલિતાણાની આજુબાજુના ગામોમાં ચાલેલા કાર્યનો ટૂંક અહેવાલ




## અમારા લક્ષને સિદ્ધ

1. શાશ્વત તીર્થની પવિત્રતા અને ધર્મનિષ્ઠાને વધારવા માટે સ્થાનીક લોકોમાં જાગૃતી લાવવાનો પ્રયાસ.
2. સ્થાનિક લોકોના હૃદયમાં શ્રી ગિરિરાજ અને શ્રી આદિનાથદાદા માટે શ્રદ્ધા અને આદરભાવમાં વૃદ્ધિ થાય.
3. જે લોકો તીર્થ માટે બાધકરૂપ બને એને બદલે તીર્થ સેવાના મજબૂત કાર્યની કડી બને.

## ઉદ્દેશ્ય

સંક્ષેપમાં પૂરા અભિયાનનો સારાંશ એ છે કે આપણે એમના સહયોગી બનીએ અને સ્નેહસંબંધ વધારી જૈન સંઘ અને સ્થાનિક લોકોની વચ્ચે સદ્ભાવ અને સહયોગ વધે.

## શ્રી શત્રુંજય યુવક મંડળ

**એક પગલું પ્રસિદ્ધ પાલિતાણાથી આધ્યાત્મિક સમૃદ્ધ પાલિતાણાની તરફ**

માર્ગદર્શક : શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ તથા શ્રીપાળભાઈ

## શિક્ષણ

પાયાની સુવિધાઓ આપવા માટે માધ્યમ દ્વારા થઈ રહેલ ઉજ્જવલ ભવિષ્યનું મજબૂત સકલ્પ.

- પારંપારિક બેંચ
- સાપ્તાહિક પત્રિકા
- પરીક્ષા ઉપયોગી પુસ્તકનું વિતરણ
- હસ્તલેખન
- નોટબુક વિતરણ
- પ્રિન્ટર



## કાર્ય કરવા માટે રોડમૈપ

4. સંકટ સમયમાં પહેલી મદદ સ્થાનિક લોકો દ્વારા સરળતાથી મળી શકે.
5. લોકલ એ જ વોકલ બને તો એ જ અમારી અમ્બેસેંડર બનશે.
6. એવું વાતાવરણ ઊભુ થશે જેનાથી સર્વાંગી આધ્યાત્મિક વિકાસ થવાની સંભાવના છે.





## પ્રશંસા

જંગલ વિસ્તારમાં આગ લાગવાના સમયે શ્રી ગિરિરાજ સંરક્ષણમાં સહાય કરનારા ગિરિસેવકોનો શ્રી ગિરિરાજ ગૌરવ પુરસ્કાર શિક્ષણ ક્ષેત્રમાં આપણા બહુમૂલ્ય સમય આપવાવાળા અધ્યાપકોનું બહુમાન. ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓ પ્રોત્સાહન.

## આધ્યાત્મિક પ્રોત્સાહન

પૂજ્ય ગુરુ ભગવંતો દ્વારા ગામડાવાળાની આધ્યાત્મિક સમૃદ્ધિ પણ મળે એવી ગ્રામોદ્ધારના કાર્યક્રમ

- સંસ્કરણ શિબિર
- સંધ્યા ભક્તિ
- જ્ઞાન દાન શિબિર
- આરતી
- સરસ્વતી પૂજન



## મહિલા સશક્તિકરણ

હંમેશા સ્ત્રીઓનું સન્માન વધવું જોઈએ, જેનાથી અમારી મહાન સંસ્કૃતિ અને દેશની એક અનોખી ઓળખાણ બને.



### પ્લેન બટવા

| સાઇઝ | કિંમત |
|---|---|
| ૪X૫ ઇંચ | રૂા.૫ |
| ૬X૭ ઇંચ | રૂા.૧૦ |

### નંદાવ્રત બટવા

| સાઇઝ | કિંમત |
|---|---|
| ૪X૫ ઇંચ | રૂા.૧૫ |
| ૬X૭ ઇંચ | રૂા.૨૦ |





### મહેંદી બટવા

| સાઇઝ | કિંમત |
|---|---|
| ૪X૫ ઇંચ | રૂા.૨૦ |
| ૬X૭ ઇંચ | રૂા.૨૫ |



### હાથવણાટ બટવા

| સાઇઝ | કિંમત |
|---|---|
| ૪X૫ ઇંચ | રૂા.૩૦ |
| ૬X૭ ઇંચ | રૂા.૪૦ |

### હાથ-ચિત્રકળા થેલી

| સાઇઝ | કિંમત |
|---|---|
| ૧૪X૧૭ ઇંચ | રૂા.૬૦ |

(બોક્સ પ્રકારની થેલી પણ ઉપલબ્ધ)





### ખેસ

| પ્રકાર | રૂપિયા |
|---|---|
| પ્રીન્ટેડ | રૂા.૧૦૦ |
| હાથવણાટ | રૂા.૩૫૦ |

**Many More Varieties Available**

આવા કાર્યોમાં તન, મન અને ધનથી જોડાવા માટે સંપર્ક


7861091167
9022636667
B S Sanghvi Shopping Centre, Taleti Rd, Opposite paanch bunglow, Palitana


# કોરોનાનો કુલ રીપોર્ટ

આણંદજી કલ્યાણજી પેઢીની સાથે રહીને વર્ધમાન પરીવારે કોરોનાના સમયે પાલીતાણા તેમ જ આસપાસના ૧૨ ગામડાઓમાં ૫૦ દિવસ સુધી કાઢા વિતરણ-ટીફીન વ્યવસ્થા તેમજ ઓકિસજન સપ્લાયનું કાર્ય સંપન્ન થયું છે.








## સાધર્મિકભક્તિ :

મુંબઈમાં પણ કોરાનાના ૧ વરસ સુધી સાધર્મિક ભાઈઓના ખાતામાં ૩ હજાર ભરવાના થયા.

જીવદયામાં ચારો પહોંચાડાયો. અનાજની કીટો તેમજ જમાડવાનું કાર્ય કરવામાં આવેલ. લગભગ ઘણી સંસ્થાને સાથે રાખી ૩ કરોડ જેવી માતબર રકમનું ડોનેશન મળ્યું. જેનો સદ્વ્યય કરવામાં આવ્યો. કચ્છના ગામડાઓમાં અનાજની કીટ ને રોકડ રકમ પહોંચાડવામાં આવી. પશુપાલકોને અનાજ તેમજ ધાબળાનું વિતરણ કરવામાં આવેલ.

## મહારાષ્ટ્ર દુષ્કાળ પશુ રાહત-2019

શ્રી વર્ધમાન પરિવારના અને અમારી સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘના અધ્યક્ષ શ્રી કેસરીચંદભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્રમાં માલેગાંવ જિલ્લાં પણ ચાર કેટલ કેમ્પ ખોલવામાં આવ્યા હતા. શ્રી વિજયભાઈ મહેતા, શ્રી સંજયભાઈ કલંત્રી અને શ્રી મોહન સોનાવણે દ્વારા કેટલ કેમ્પોનું સંચાલન કરેલ જેમાં ૫૬૦૦ પશુઓને જીવતદાન મળ્યું છે. જેમાં રૂપિયા બે કરોડનો ઘાસચારાનું વિતરણ કરવામાં આવેલ હતું.

## મહારાષ્ટ્ર પૂર રાહત કાર્ય-2019

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા મહારાષ્ટ્રના સાંગલી-કોલ્હાપુરમાં આભ ફાટી પડવાથી વરસાદના પાણીને લીધે ભયંકર પૂરગ્રસ્ત વિસ્તારમાં પશુઓને ઘાસચારો પહોંચાડવાનું કાર્ય સાંગલી સંઘ તથા શ્રી વર્ધમાન પરિવારના શ્રી રાજેશભાઈ (ગામ : કોડાઈ, કચ્છ)ની આગેવાની હેઠળ લગભગ ૧૫ ગામના પશુઓને રૂપિયા ૨૬ લાખનો ઘાસચારો પહોંચાડ્યો.



## શત્રુંજય ગિરિરાજ રક્ષા અભિયાન

શાશ્વતા ગિરિરાજ ઉપર સરકારી અડચણો તેમજ ગેરકાયદેસર ચાલી રહેલા માઈનીંગ વગેરે કામોની સામે કેસો લડતા આણંદજી કલ્યાણજી પેઢી સાથે રહી કાર્ય કરી રહ્યા છીએ.

શત્રુંજય યુવક મંડળના કાર્યકરો સાથે રહી ૧૨ ગામોમાં ગિરિરાજ પ્રત્યે સદ્‌ભાવના જગાડવાનું કાર્ય યુવાનો દ્વારા ચાલે છે.

દરેક ગામના લોકોને સ્વરોજગારી (કપડાંની થેલી બનાવવી), શ્રુતજ્ઞાન લેખન, બાળકોને શિક્ષણ સાથે સંસ્કરણ માટે જુદી જુદી સ્પર્ધાઓ (ચિત્ર સ્પર્ધા-વક્તૃત્વ સ્પર્ધા-વ્યસન મુક્તિ)નું આયોજન કરવામાં આવે છે તથા નોટબુકમાં ગિરિરાજ પ્રત્યે બહુમાન ભાવ જાગે તેવા સુંદર લખાણો કરી દરેક બાળકોને ફ્રી વિતરણ, આરોગ્ય માટે આયુર્વેદિક કેમ્પો તથા ડૉક્ટર દ્વારા નિદાન અને દવાનું આયોજન કરવામાં આવે છે. સ્કૂલોની અંદર વિવિધ લક્ષી કાર્યક્રમો માટે શેડ બંધાવી સદ્‌વિચારોનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. પશુધન બચે તેના માટે ગૌવંશનો વિકાસનું કાર્ય કરીએ છીએ. આ કાર્યમાં દાતાઓએ લાભ લેવો.

## અમારી અંતરની ભાવના

સમગ્ર દેશમાં ચાલી રહેલા કોઈપણ કાર્યમાં અહિંસાપ્રેમીઓ દ્વારા જે કંઈપણ કાયદાકિય માર્ગદર્શન જોઈતું હોય તો શ્રી વર્ધમાન પરિવારના શ્રી કમલેશભાઈની આગેવાની હેઠળ ઠોસ રિસર્ચ વર્ક અને કાયદાકીય બેકીંગના સહારે ઉચિત સહાય કરવામાં આવી રહી છે. હાલ ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યામાં સૌથી મોટો ફાળો ૨૧ ટકા જેટલો મીટ એક્સપોર્ટનો છે.

છતાં મીટ એક્સપોર્ટમાં ભારત દેશ નં.૧ ઉપર છે. બીફ એક્સપોર્ટમાં ભારત નં.૨ ઉપર છે અને ઈંડાના પ્રોડક્શનમાં ભારત નં.૩ પર છે. હાલ પ્રતિવર્ષ ૮૦ અબજ ઈંડાનું પ્રોડક્શન થાય છે તે ૧૦૦ અબજ ઈંડા સુધી લઈ જવાની સરકાર આયોજન કરી રહી છે.

૩૫ હજાર કરોડ ટન માંછલાઓનું ઉત્પાદન હવે બ્લ્યુ રિવોલ્યુશન અંતર્ગત ૧ લાખ કરોડ ટન સુધી લઈ જવાની નેમ રાખે છે. ૧ કિલો બીફના માંસના ઉત્પાદનમાં ૧૫૪૦૦ લીટર પાણી વપરાઈ જાય છે અને ઘેટાનું ૧ કિલો માંસ પેદા કરવામાં ૧૦૪૦૦ લીટર પાણીનો વપરાશ થાય છે. અમારી ભાવના છે કે, સમગ્ર દેશમાંથી મીટ એક્સપોર્ટ બંધ થાય, જીવતા પશુઓની નિકાસ પર સંપૂર્ણ બંધી આવે, પૂરા ભારતમાં સંપૂર્ણ ગોવંશ વધ પ્રતિબંધનો કાયદો અમલમાં આવે તે માટે અરિહંત પરમાત્માની કૃપા અમારા પર ઉતરે, આપના આશીર્વચનો અને મંગલ કામનાની મૂડી સાથે અમો આ કાર્ય કરવા માટે સક્ષમ બનીએ એવી અમારી પ્રાર્થના, અભ્યર્થના અને મનોકામના છે.

## પુણ્યશાળી ઉદાર દાનવીરોને વિનંતી

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા ગામડાઓમાં જ અઢાર વર્ણોની દરેક જ્ઞાતિઓને રોજીરોટિ મળે સાથે સાથે પશુપાલકો દ્વારા પશુઓને અભયદાન મળે તેમજ પશુઓના છાણ-મૂત્રમાંથી જુદી-જુદી દવાઓ જેવી કે ખેતીમાં પાક સારો થાય અને ગૌમૂત્રમાંથી બનાવેલ 'જીવામૃત' તથા 'અમૃત સંજીવની' નાંખવાથી ખેતીમાં જીવાતો નથી થતી તથા થયેલ હોય તો તે ઉડી જાય છે. 'ફર્ટિલાઈઝર' દ્વારા સમગ્ર માનવપ્રજામાં રોગ પ્રતિકારક શક્તિ ખલાસ થઈ છે. તેને આ ગૌમૂત્ર આધારિત વ્યવસ્થાની પુનઃસ્થાપના થાય તેવી પ્રવૃત્તિ... તેમજ કુંભારોને માટીના નળિયા બનાવવા-સુથારો ને સુથારી કામ, ગામડાઓમાં બળદથી ખેતી કરવાની સમજણ, બળદ-ગાડાઓ દ્વારા માલનું પરિવહન તેમજ આયુર્વેદિક કેમ્પો દ્વારા લોકના આરોગ્ય માટે લોકજાગરણ આ બધાં જ કાર્યમાં શ્રી વર્ધમાન પરિવાર દ્વારા 'સંસ્કૃતિ રક્ષા' અભિયાનમાં આપનું દાન આપીને પશુઓને પાંજરાપોળ જતા તથા કસાઈઓને વેચાણ કરતા અટકી જાય જેને કારણે પશુઓને છાણ-મૂત્રની કિંમત પશુપાલકોને મળે તો તે પશુઓને પોતાની પાસે જ રાખે. તેવી રીતે સમગ્ર આયોજન કરવા માટે દાન માટેની અપીલ છે...

**80G and C.S.R Benefits are available**

**Shree Vardhman Parivar**
**Kotak Mahindra Bank**
(Branch: Kandivali)
**Tirth Raksha**
**A/c: 7711856780**
**IFSC : KKBK0000665**

BHIM UPI
SHREE VARDHAMAN PARIVAR

---

**Shree Vardhman Parivar**
(Branch: Borivali)
**Bank of Baroda :**
**(Sanskruti Raksha)**
**A/c: 03860100044395**
**IFSC: BARBOBORIVL**

BHIM | UPI

---

**Shree Vardhman Parivar**
(Branch: Borivali)
**IDBI BANK**
**(Jivdaya)**
**A/c: 0571104000062569**
**IFSC: IBKL0000571**

BHIM UPI
SCAN & PAY

**શાસન સેવા કાજે થનગનતા**
**યુવાન પાસે ત્રણ અપેક્ષા-યાચના**
**શ્રદ્ધા : શ્રુત સંપન્નતા**
**સમર્પણ : ચારિત્ર સંપન્નતા**
**સંગઠન : આચાર સંપન્નતા**

શ્રી જૈન સંઘ અંતર્ગત
શ્રી વર્ધમાન પરિવાર
જય પામો જય પામો મારા પ્રભુનું શાસન જય પામો
।। નમો નમઃ શ્રી જિન શાસનાય ।।

# અન્ય શાખાઓ...

## માલેગાંવ

વર્ધમાન નગર, શ્રી સ્વામિ સમર્થ કેન્દ્રની બાજુમાં,
માલેગાંવ, જિ.નાશિક-423203 મહારાષ્ટ્ર.
ફોન : 02554-252162
કેશરીચંદજી સંપતરાજજી મહેતા : +91 80071 62162
વિજયભાઈ માલેગાંવ : +91 98230 05464

## બોરીવલી કેન્દ્ર

૧૦૧, સુંદરધામ કો.હા.સોસાયટી, જામલી ગલી,
બોરીવલી (વે), મુંબઈ-400 092.
ફોન : 022-28996254
જીતુભાઈ દલીચંદ શાહ : +91 93222 32568

## કાંદિવલી

બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, બાલભારતી સ્કૂલની સામે,
એસ.વી.રોડ, કાંદિવલી (વે), મુંબઈ-400 067.
ફોન : 022-2808 2414
અતુલકુમાર વજલાલ શાહ : +91 93244 70054

## મલાડ

૧, કૃષ્ણ ભુવન, સાંઈનાથ રોડ, ટેલિફોન એક્સચેન્જની
સામે, મલાડ (વે), મુંબઈ-400 064.
ફોન : 022-2881 1173
ચંદ્રકાંતભાઈ હરગોવિંદદાસ શાહ : +91 93218 79343
પ્રકાશભાઈ બી.શાહ : +91 98251 58138 / 96534 43570

## ઘાટકોપર

૧૯૧/૭, મહાત્મા ગાંધી ચાલ, અંબિકા ભવનની
પાછળ, સ્વામિનારાયણ મંદિરની સામે, ૯૦ ફીટ રોડ,
ઘાટકોપર (પૂ), મુંબઈ-400 099.
ફોન : 022-2102 4126
હિરેનભાઈ દિનેશભાઈ શાહ : +91 93240 32550
કમલેશભાઈ આર.શાહ : +91 93239 08480